## ભજન:૧૬

### રાગ: ક્યા ખૂબ લગતી હે..

ઓ ડાકોરના ઘનશ્યામ, મને દર્શન દેજો રામ .
આવી રહયો શરણે તારે વિનવું વારંવાર...૨
દીન દુઃખિયાનો બેલી મને તારો છે આધાર...ઓ ડાકોર..

તારા વિના નથી ..કોઇ મારું...૨
હું માંગી રહયો શરણુ પ્રભુ એક તારું...૨
નથી અંત સમય..કોઇ મારું...૨
જૂઠી માયામાં મન મોહ્યુ પ્રભુ મારું...૨
નાદ સૂણો મારા અંતરનો મારા શામળિયા સરકાર...
દીન દુઃખિયાનો...ઓ ડાકોર..

વિપતી પડે તો ..કોને કહેવુ...૨
દુઃખ આપો તો એ મારે હસ્તે મુખડે સહેવું...૨
બીજુ કાંઇ નથી..લેવુ દેવું...૨
દર્શન આપો તો મારા મનને મનાવી લેવું...૨
નાદ સૂણો મારા અંતરનો મારા શામળિયા સરકાર...
દીન દુઃખિયાનો...ઓ ડાકોર..

કાયા પાણીનો..પરપોટો...૨
આ કાયાનો રુપીયો છે એ ખોટો...૨
તારો જગમાં મળે ના ..જોટો...૨
નારાયણ તો કરતો નથી વાત ખોટો...૨
નાદ સૂણો મારા અંતરનો મારા શામળિયા સરકાર...
દીન દુઃખિયાનો...ઓ ડાકોર..